Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED B. No. 156

શ્રી

પુ. ૨૦ મું. અંક ૮ મો. કાર્તિક, સં. ૧૯૬૧

# જૈનધર્મ પ્રકાશ.

शिखरिणीवृत्तम्.

धनं दत्तं वित्तं जिनवचनमभ्यस्तमखिलं ।
क्रियाकांडं चंडं रचितमवनौ सुप्तमसकृत् ॥
तपस्तीव्रं तप्तं चरणमपि चीर्णं चिरतरं ।
न चेच्चित्ते भावस्तुषवपनवत्सर्वमफलम् ॥ १ ॥

પ્રગટ કર્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા.

ભાવનગર

અનુક્રમણિકા

૧ શ્રીજી જૈન કોન્ફરન્સ. ૧૬૯
૨ શ્રાવક તરિકે ઓળખાતા જૈનોની અમલ કરવા યોગ્ય ફરજો. ૧૭૫
૩ આત્મિક તથા દૈહિક ઉન્નતિનું દિગ્દર્શન. ૧૭૮
૪ પ્રશ્નમાળા. ૧૮૬
૫ વર્તમાન સમાચાર. [illegible]

અમદાવાદ

“એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ” માં

નથુભાઇ રતનચંદ મારફતીઆએ છાપ્યું.

વીર સંવત ૨૪૩૧ શાકે ૧૮૨૬ સને ૧૯૦૪

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ ચાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી જૈનધર્મ પ્રસારક સભાની આસો વદ ૧૩ શે મળેલી મીટીંગમાં થયેલા ઠરાવો

માંહેના કેટલાક ઉતારાઓ.

૧ બીજા વર્ગના સભાસદોની ફી આવતા ચૈત્ર માસથી રૂ. ૨) ઠરાવવામાં આવી છે.

૨ કેટલાક જૈન પુસ્તકાલય (લાયબ્રેરી) લાઇફ મેમ્બર તરીકે દાખલ થવા માગશે તો રૂ. ૫૦) લઇને કરવામાં આવશે. તેને શ્રી જૈનધર્મ પ્રકાશ માસિક તથા રૂ. ૧) સુધીની સભા તરફથી બહાર પડે તે દરેક બુકની એકેક નકલ મળશે, અને રૂ. ૧) ઉપરની કિંમતની બહાર પડે તે બુક પોણી કિંમતે આપી શકશે.

૩ સભાના દરેક સભાસદને સભા તરફથી છપાતી દરેક બુક પોણ કિંમતે આપવાનું પ્રથમ ઠરાવવામાં આવેલ છે, તેને બદલે ઠ- રાવેલ કિંમત કરતાં પોણી કિંમતે આપવામાં આવશે એમ સુ- ધારો ઠરાવવામાં આવ્યું છે.

---

## સુચના.

આ સભાના લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રગટ થતી રૂ.૧) સુધી- ની કિંમતની દરેક બુકની એકેક નકલ આપવાની છે તે પ્રમાણે મોકલ- વાનું કામ આ વર્ષે આખરે (ફાલ્ગુન માસમાં)કરવામાં આવશે, કારણ કે ત્યાં સુધીમાં ઘણી બુકો બહાર પડી જવાની છે. તે વખતે સ- ભા તરફથી પ્રગટ થએલી તમામ બુકોનું લીસ્ટ પણ આપવામાં આવશે કે જેથી તમામ મેમ્બરોને પોણી કિંમતે મંગાવવાની પણ સગવડતા થશે.

તંત્રી

---

## નવા મેમ્બર.

૧ શા. કેશાભાઇ ગગલભાઇ. ખારાઘોડા. (બીજા વર્ગમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश

દોહરો.

મનુજન્મ પામી કરી, કરવા જ્ઞાનવિકાશ;
નેહયુકત ચિત્તે કરી, વાંચો જૈનપ્રકાશ.

પુસ્તક ૨૦ મું. શાકે ૧૮૨૬ સં. ૧૯૬૧ કાર્તિક. અંક ૮ મો.

## त्रीजी जैन कोन्फरन्स.

આ અંક બહાર પડશે તે વખતે કોન્ફરન્સની પૂરી તૈયારીઓ થઇ ગઇ હશે, દેશાવરોમાં ડેલીગેટો ચુંટાઇ ગયા હશે, વિષયો ચર્ચાવાના મુકરર થઇ ગયા હશે, અને લગભગ ડેલીગેટો વડોદરે આવવાને નીકળી પણ ચુકયા હશે, તેથી હવે એ સંબંધમાં બહુ લખવા સરખું રહેતું નથી; તોપણ કોન્ફરન્સમાં બેઠક લેતાં આ અંક હાથમાં હોયતો શા વિષય ચર્ચવાની આવશ્યક્તાવાળા છે અને તેનું શું પરિણામ લાવવાની જરૂર છે તેનું દિગ્દર્શન થઇ શકે તેટલા માટે અત્ર કાંઇક લખવામાં આવેલ છે. જો કે પ્રેસીડન્ટ સાહેબનું ભાષણ આવી ગરજ બહોળે ભાગે પૂરી પાડે છે અને તેથીજ બીજે દિવસે ડેલીગેટો તેમજ પ્રેક્ષકોને સમજવાની સાનુકુળતા થાય છે તોપણ જ્યાંસુધી આપણે આપણા માનવંતા પ્રમુખ સાહેબના ભાષણની હકીકતથી અજાણ્યા હશું ત્યાંસુધી વિચારવાના સાધન તરીકે આ લેખ ઉપયોગી થશે એમ માની ટુંકામાં લખવામાં આવ્યો છે.

કોઇપણ કોમની સુધારણામાં ખાસ મુખ્ય ભાગ કેળવણીનો છે, સ્ત્રીઓ અને પુરૂષો કેળવણી લીધેલા થાય તો તેની સાંસારિક સ્થિતિ સુધરે, સુખે સુખે આજીવિકા ચલાવી શકે, પોતે બીજાનો આધાર શોધતા હોય તે બીજાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આધારભૂત થઇ શકે, વ્યવહારિક સ્થિતિમાં પણ સુધારો થાય, કેળવણીના બળથી હાનીકારક કારણો વાસ્તવીક રૂપમાં સમજાય, તેને તજી દેવાની આવશ્યક્તા જાણવામાં આવે, તજી દેવાનું બળ પ્રાપ્ત થાય અને સ્ત્રી પુરૂષ બન્ને વર્ગ કેળવાયેલ હોયતો પરસ્પર મદદગાર થવાને લીધે તજી પણ શકાય. વ્યવહારિક કેળવણી જ્યારે આટલું કાર્ય કરી શકે ત્યારે પછી ધાર્મિક કેળવણી તો શું ન કરી શકે ? તે તો આ બાબતને પરબારા બાંને સુધારે. પરંતુ અનેક કારણોને લઇને પ્રથમ પદ વ્યવહારિક કેળવણીને આપવું પડે છે, તેના પર બહુ વાતનો આધાર છે, જો કે તે બધું વાસ્તવીક કેળવણીનું પરિણામ છે, માત્ર અમુક ભાષા કે વિદ્યાનું પરિણામ નથી એટલુંજ નહીં પણ તેમાં ધાર્મિક કેળવણીના અંશો રહેલા છે અને હોવા પણ જોઇએ: તદ્દન ધાર્મિક કેળવણીની અજ્ઞાનતામાં પહેલી જીંદગી ચાલી જાય અને તેમાં ધર્મવિરૂદ્ધ અથવા પરધર્મની મહત્વતાવાળા વિચારો મગજમાં ઠસી જાય તો પછી પાકે ઘડે કાંઠા ન ચડવાની જેમ સ્વધર્મના વિચારો પ્રવેશ કરી શકે નહીં, તેથી ધાર્મિક કેળવણીને યોગ્યતા અનુસાર સાથે રાખીને પણ વ્યવહારિક કેળવણીમાં આગળ વધવાની બહુ જરૂર છે. આપણે એ બાબતમાં કેટલા બધા પછાત છીએ તે તદ્દન જુના વિચારના વૃદ્ધોના મગજમાં સમજી શકાય તેમ નથી, પરંતુ ચાલતા જમાના તરફ જોતાં બીજી કોમના પ્રમાણમાં આપણે કેળવણીમાં બહુજ પછાત છીએ. સદ્‌ભાગ્યે આપણી કોમે બહુ ભાગે વ્યાપાર કે વ્યાપારી નોકરી તરફ વલણ લીધેલી છે, નહીંતો આપણે આજે એટલી બધી મુશ્કેલીમાં હોત કે જેનું વર્ણન થઇ શકે નહીં.

આ બાબતનો તાત્પર્ય એ છે કે આપણી કોન્ફરન્સે બીજી બધી બાબતોને ગૌણ રાખીને કેળવણીને અગ્રપદ આપવાની જરૂર છે. આપણે કેળવણી લીધેલા હઇશું અને સુખે સુખે આજીવિકા ચલાવવા ઉપરાંત દ્રવ્ય સંપત્તિમાં વૃદ્ધિ પામ્યા હઇશું તો જીર્ણોદ્ધાર કરશું, પુસ્તકોદ્ધાર કરશું, ડીરેક્ટરી કરશું, હીસાબો ચોખ્ખા રાખશું, જીવદયા પાળશું, નિરાશ્રિતોને આશ્રય આપશું, જનકલ્યાણ પણ કરશું અને હાનીકારક રીવાજોને મૂળમાંથી ઉખેડી નાખશું. તેથી પ્રથમ સરસ્વતી મહાદેવીની સાનિધ્યતા ઇચ્છી આપણી કોમને આગળ ચલાવવાની ખાસ જરૂર છે.

કેળવણીના સંબંધમાં શું શું કરવાની જરૂર છે તે ચર્ચવાને માટે બહુ વખતની જરૂર છે અને તેથી એક આખા દિવસની બેઠક ખાસ તેને

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે રાખવાની અમારી કોન્ફરન્સના કાર્યકર્તાઓ પ્રત્યે વિનંતી છે. અમારી ધારણા પ્રમાણે કેળવણીના સંબંધમાં નીચે જણાવેલાં કાર્યો કરવાની પ્રથમ આવશ્યકતા છે.

૧ એક જૈન કેળવણી બોર્ડનું સ્થાપન કરવું.

૨ જૈનોમાં કેળવણી વધારવા સ્કોલરશીપો આપીને જેમ વધારે બાળકો આગળ વધે તેવી યોજના કરવી, કારણ કે વૃદ્ધોની સંભાળ લેવા કરતાં બીજની સંભાળ લેવાની વધારે જરૂર છે. તેના બે કારણો છે. વૃક્ષ મોટું થયા પછી સુધરી શકતું નથી અને તેની સંભાળ ન લેવાય તો પણ સ્વતઃ શક્તિમાન્ હોય છે; બીજમાં સુધારો થઇ શકે છે અને તે સ્વતઃવૃદ્ધિ પામવામાં બીજા બહુ કારણોની અપેક્ષા ધરાવે છે, એટલા માટે આપણે કેળવણી લેનારો વર્ગ વધારવો અને તે શ્રદ્ધાવિનાનો ન થઇ જાય તેને માટે પૂરતી સંભાળ રાખવી.

૩ જૈનવર્ગને અનુકૂળ પડે તેવી શાળોપયોગી વાંચનબુકો બનાવવા તજવીજ કરવી.

૪ જૈનગ્રંથ પ્રયોજક મંડળનું સ્થાપન કરવું કે જે જૈન તરફે કહેવાતાં છતાં વિરોધીની ગરજ સારે તેવા પુસ્તકપ્રસિદ્ધકર્તાઓને અટકાવી શકે અથવા તેના ફંદમાં ન ફસાવા જૈનવર્ગને ચેતાવી શકે અને સત્યશોધક એવા પ્રસિદ્ધકર્તાઓને સહાય આપી શકે.

૫ જૈન પુસ્તકોનું સંરક્ષણ થાય તેવી યોજના કરવી, કારણ કે તે આપણી વારસે મળેલી દોલત છે અને ઐહિક સુખ કરતાં આમુષ્મિક સુખને અર્પણ આપનારા આપણને તેજ પરમ આલંબનભૂત છે.

૬ જૈનધર્મના વાસ્તવિક રૂપે પ્રસાર થવા માટે વિવિધ ઉપાયોની યોજના કરવી.

૭ ધર્મ સંબંધી કેળવણી બરાબર આપી શકે તેવા માસ્તરો બનાવવા માટે ટ્રેનીંગકોલેજ જેવું કોઇ ખાતું ઉઘાડવું અથવા તેવું કોઇ ખાતું ઉઘડેલું હોય તો તેને બનતી મદદ કરવી અને આપણી ધારણા પાર પડે તેવી યોજના કરાવવી.

૭ પ્રાચીન શોધ ખોળને લગતું એક ખાતું સ્થાપી જુના શિલાલેખો વિગેરેની શોધ કરાવી તેની નકલો લેવરાવી એકત્ર કરાવવી, કારણ કે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણા જૈનધર્મની મહત્વતા સિદ્ધ કરવામાં પ્રબળ કારણભૂત છે અને તે કાર્ય વિદ્વાનોથીજ બની શકે તેવું હોવાથી તેપણ કેળવણીનું એક અંગજ છે.

આ શિવાય બુદ્ધિમાનોના મગજમાંથી ઉદ્ભવીને જે જે સૂચનાઓ થાય તેપર પૂરતું લક્ષ આપીને તેનો કેવી રીતે અમલ થઇ શકે તે વિચારી યોગ્ય યોજનાઓ કરવી.

કેળવણી શિવાય બાકી તો બહોળે ભાગે ગયે વખતે જે જે વિષયો ચર્ચેલા છે તેજ ચર્ચવાના છે. તેમાં પિષ્ટપેષણ સમજવાનું નથી, કારણકે વક્તાઓ એકના એક હોતા નથી. જુદા જુદા વક્તાઓ સ્ટેજપર આવવાથી અનેક અણજાણી હકીકતો જાણવામાં આવે છે. વળી શ્રોતાઓ પણ બધા તેનાતે હોતા નથી. તેમજ એક વાર કહેવાયાથી કાંઇ કાર્યસિદ્ધિ પણ થઇ શકતી નથી. વારંવાર સ્મરણ આપવાની અને સમજાવવાની તેમજ સમજવાની આવશ્યકતા છે.

પાછલા ઠરાવો પૈકી કઇ કઇ તેમજ નવી શી શી બાબતો ચર્ચવા યોગ્ય છે તે આ નીચે જણાવી છે.

૧ જીર્ણોદ્ધારનું કામ કેમ આગળ ન ચાલ્યું અથવા તો શરૂ પણ ન થયું? તેનો વિચાર કરી જે રીતે તે કાર્ય રસ્તે પડે અને આપણા પૂર્વ પુરૂષોએ પુષ્કળ દ્રવ્ય ખર્ચીને કરેલા જિનમંદિરો અને અત્યુત્તમ જિનબિંબોનું રક્ષણ થાય તેવી યોજના કરવી. તીર્થંકર મહારાજની કલ્યાણક ભૂમિઓ પવિત્ર ભૂમિ તરીકે જળવાઇ રહે તેવી ગોઠવણ કરવી અને જ્યાં મહાન્ દેરાસર છતાં પૂજા પણ ન થતી હોય તેને માટે કાંઇક પ્રયાસ કરી કોઇને સુપ્રત કરવી. ઇત્યાદિ.

૨ ધર્માદાખાતાના હિસાબો બહાર ન પાડવાના વિચારવાળામાં મુખ્ય બે વર્ગ છે. એક તો ખાસ ડહાપણથી કેટલાક કારણને લઇને હિસાબ છપાવીને બહાર પાડવા ઇચ્છતા નથી પણ જોનારાઓને બતાવવા તૈયાર હોય છે; તે સાથે પોતાને લુગડે રજ ન લાગે તેવા વિચારવાળા હોય છે અને તેવીજ ગોઠવણ રાખે છે. બીજો વર્ગ એવો છે કે જે હિસાબમાં ગોટાળો રાખવાથીજ પોતાની સલામતી સમજે છે, પાંચ સાત [illegible] પૈસાનો મળી તમામ રકમ દબાવી બેઠેલા હોય છે અને બીજા જોવા [illegible] તો અનેક પ્રકારના અયોગ્ય ઉત્તરો આપી પોતાની ગુર્માઇ બતાવી આ[illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નારા હોય છે. તો આ બીજા વર્ગને તો કોઇપણ પ્રકારે શેહે પહોંચાડવાની ખાસ જરૂર છે. જ્યાં સુધી તેઓને શ્રી સંઘ તરફથી ભય બતાવવામાં નહીં આવે અથવા તેઓને ઉઘાડા પાડવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ કદિ સમજવાના નથી, માટે આ બાબતમાં કાંઇક દૃઢ યોજના કરવાની આવશ્યક્તા છે.

૩ જૈન ડીરેકટરી કરવાની આવશ્યકતા તો વારંવાર સિદ્ધ થઇ ચુકેલી છે, જોકે કેવી રીતે કરવી તેને માટે જુદા જુદા મત છે. અત્યારે તેનો નમુનો બહાર પડી ચુકયો છે તો તે ઉપર વિચાર ચલાવી એક કમીટી નીમી ખર્ચની સગવડ કરી આપી તે કાર્ય શરૂ થાય તેમ કરવું જોઇએ, કે જેથી આવતી કોન્ફરન્સ વખતે આપણે તેનો રીપોર્ટ વાંચવાને ભાગ્યશાળી થઇએ. હજુ સુધી આપણે તદ્દન અંધારામાં છીએ. આપણી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોની સંખ્યા પણ ખરેખરી આપણે જાણતા નથી. ભલે કોઇ પાંચ, દશ, કે પંદર લાખ કહો પણ તે પોતાની માન્યતા માત્ર છે. જ્યારે આપણી મનુષ્યસંખ્યા પણ આપણે જાણતા નથી તો પછી બીજી પેટા બાબતો તો ક્યાંથીજ જાણીએ ? તેથી ડીરેક્ટરી થવાની પૂરતી જરૂર છે.

૪ નિરાશ્રિત જૈનોને આશ્રય આપવાનો વિષય તો બે મત વિનાનો છે. પરંતુ કેવી રીતે આશ્રય આપવો ? અને કયાંથી આપવો ? તેજ માત્ર વિચારવાનું છે. તેમાં બુદ્ધિમાનો કરતાં ખરૂં કામ શ્રીમાનોનું છે. તેઓ ધારે તો આ બાબત હાથ ધરી શકાય તેમ છે.

૫ જીવદયા તો આપણા ધર્મનો મુખ્ય સિદ્ધાંત છે. જો કે તેના અનેક ભેદ છે અને તે સમજવા જેવા છે, પણ તેથી જીવદયાના સિદ્ધાંતને તો ટેકોજ મળે છે. આ બાબત તો આપણે હાથ ધરવીજ જોઇએ અને જન્મથી સ્તનપાનમાં પાન કરેલી દયાની લાગણીને વધારે તેજ સ્વરૂપમાં મુકવી જોઇએ.

૬ હાનીકારક રીતરીવાજોનું તો એટલું બહોળું ક્ષેત્ર છે કે તેને માત્ર એક વિષય તરિકે ન ગણતાં તેના પેટા ભાગને જુદા પાડી એક બાબતમાં એક એક વકતાને બોલવા દેવા જોઇએ. વખતનો સંકોચ તો નિરૂપાયપણું છે. બાકી આ બાબત બહુ જરૂરની છે. કેળવાયા વિના સુધરશું તે ભુખ્યા સુઇ રહેવા બરાબર છે, માટે ઉદરપૂર્તિ તો જેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ કરવી જોઇએ છીએ; તેની પેઠે ન સમજતા હોય તેને સમજાવી બાળલગ્ન, વૃદ્ધવિવાહ, રડવું કુટવું, મિથ્યાત્વના રીવાજો, ફરજીયાત ખર્ચો, અન્ય ખાણાં જમણ, અજ્ઞાનપણાની લગ્નવિધિ ઇત્યાદિ અનેક બાબતોમાં બનતો સુધારો કરવોજ જોઇએ. આ કોન્ફરન્સ પછી આવા ઠરાવો ઘણા જો કોઇપણ ઠેકાણે શરૂ હોય તો તે આ બાબતમાંજ થયેલું છે અને હજુ બહુ થવાનું બાકીમાં છે. મોટા શેહેરવાળા તો બાકાત જ નથી. તેઓ તો પોતાના શેહેરમાં આવા રીવાજો છે એમ માનતા હશે કે નહીં માનતા હોય અથવા તો કેવાએ વિચાર ધરાવતા હશે. પરંતુ આપણી કોન્ફરન્સે તો ઘણ પર હથોડાની જેમ આ બાબતમાં ઠરાવો, વિવેચન અને પ્રેરણા કર્યાજ કરવી જોઇએ. કરવાથી કામ માત્ર થાય છે અને આ બાબતમાં તો આપણને ખાત્રી પણ થઇ ચુકેલી છે તો એમાં શા માટે ઓછો પ્રયાસ કરવો જોઇએ?

ઉપર જણાવ્યા શિવાય બીજું તો ખાસ એ કહેવાનું છે કે કોન્ફરેન્સ તરફથી એક માસિક તો અવશ્ય નીકળવુંજ જોઇએ કે જેની અંદર કોન્ફરન્સમાં થયેલા ઠરાવોનો અમલ કોણે કોણે અને કેવી રીતે તેમજ કેટલે અંશે કર્યો તેની ગામવાર નોંધ જણાઇ રહે. જનરલ સેક્રેટરીઓએ તેમજ તેના આસીસ્ટંટ સેક્રેટરીઓએ કરેલ કાર્યોનો સરવાળો થઇ શકે અને આવા મહાન મેળાવડામાં તે તે સેક્રેટરીઓનો તેમજ તે તે ગામ કે શેહેરના આગેવાન ગૃહસ્થોનો આભાર માનવાનું બની શકે. જો કે આ વખત એવું માસિક બહાર પાડવા બની શક્યું નથી તોપણ જૈન પત્ર વિગેરે ઉપરથી તેમજ જનરલ સેક્રેટરી સાહેબોના રીપોર્ટ ઉપરથી તેવો આભાર માનવાની આપણી ફરજ તો યાદ રાખવાનીજ છે.

ટુંકામાં લખતાં પણ ઘણું લખાયું, હવે હાલમાં તો વધારે લખવાની આવશ્યકતા નથી. ઉપર જણાવ્યા શિવાય કેટલાંક ખાસ કાર્યો કોન્ફરન્સના મેળાવડાને અંગેજ કરવાના હોય અને ઠરાવો પસાર કરવાના હોય તે કાં [illegible] તેના આગેવાનો ભુલે તેમ નથી કે અમારે યાદ આપવા પડે તેથી હાલ તો આ લેખને સમાપ્ત કરવામાં આવે છે. હવે આવતા અંકમાં તો આપણી માનવંતી કોન્ફરન્સની ફત્તેહના સમાચાર પ્રગટ કરવા સાથે તેમાં થયેલા ઠરાવો વિગેરે બહાર પાડી જૈનબંધુઓના યોગ્ય સેવાનો લાભ લેશું. ઇત્યલં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રાવક તરીકે ઓળખાતા જૈનોની અમલ કરવા યોગ્ય ફરજો,

## યા શ્રાવક ધર્મનું ધોરણ.

(અનુસંધાન પૃષ્ઠ ૧૬૮ થી)

૨૬ મું—ધર્મિષ્ટજનોનો સંસર્ગ (પરિચય) પ્રતિદિન અવશ્ય કરવો. 'જેવી સંગત તેવી અસર' એ ન્યાયે ધર્મી–સદ્‌ગુણીનીજ સંગત નિરંતર કરવી; ધર્મવિમુખની સંગત કદાપિ પણ કરવી નહીં. સદ્‌ગુણીના સંગથી લાભ પણ ખપી જીવને થાય છે, બેદરકાર કે પ્રમાદીને થતો નથી. મણિધરના મસ્તકપર રહેલા મણિમાં વિષહારક શક્તિ છતાં તે મણિથી તે સર્પને કંઇ લાભ થાય છે શું? અર્થાત્ પોતાનું વિષ તેથી જેમ જતું નથી તેમ ગુણી અત્યંત સમીપ છતાં દુર્જન–ખળને જરાપણ લાભ સંભવતો નથી; જેમ દુર્જન પોતે પોતાની દુર્જનતા તજતો નથી, તેમજ સજ્જન પણ પોતાની સજ્જનતા છાંડતો નથી. વિષધરનું વિષ તે વિષહારક મણિમાં સંક્રમી શકે છે શું? તેવા ઉત્તમ સિદ્ધસ્વભાવના ધારક ગુણી સજ્જનો અવશ્ય સંગતિ કરવા યોગ્ય છે. ચંદન જેવા શીતળ સ્વભાવથી જેઓ સ્વસંગતિ ભજનારનો ત્રિવિધ તાપ હરે છે તેવા સંતો સદા સેવ્ય છે.

૨૭ મું—કરણજય: એટલે પાંચે ઇંદ્રિયોનું દમન ભવભીરૂએ અવશ્ય કરવું યોગ્ય છે. કેમકે એક એક ઇંદ્રિયને પરવશ પડેલા બાપડા પતંગીયા, ભમરા, માછલાં, હાથીઓ તથા હરણીઆ દુર્દશાને પામે છે તો તે પાંચેને સમકાળે પરાધીન થયેલાનું તો કહેવુંજ શું? વિષયવશ થયેલા પોતાની શુદ્ધ બુદ્ધ ભૂલી જઇ ભવિષ્યમાં પોતાનું શું થશે તેનો વિચાર પણ કરી શકતા નથી; માટે વિષયવિવશ નહિ થતાં વિવેકી શ્રાવકે તેજ ઇંદ્રિયોને સ્વવશ કરવી. આમ સ્વવશ થયેલી ઇંદ્રિયો સદ્‌ગતિદાયી નીવડે છે. સ્પર્શેન્દ્રિયાદિકનો સદ્ વિવેકવડે સદુપયોગ–શ્રી દેવ ગુરૂ સંઘ સાધર્મિકના ભક્તિ, બહુમાનાદિકમાં કરવાથી સુશ્રાવકો પોતાના બંને ભવ સુધારે છે, અને તેથી વિપરીત વર્તનાર પોતાના બંને ભવો બગાડે છે. એમ સમજી ક્ષણિક વિષયસુખમાં નહિ લોભાતાં તેને પુંઠ દઇ સ્વશ્રેય: સાધી લેવા ચૂકવું નહિ. કેમકે પુન: પુન: આવી આત્મસાધન અનુકૂળ સામગ્રી મળવીજ મુશ્કેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૮ મું—ચરણ કહેતાં ચારિત્ર (સર્વવિરતિ) તે અંગીકાર કરવાના પરિણામ વિવેકી શ્રાવકે અવસ્ય રાખવા. **'सम्यग्ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः'** આ પવિત્ર સૂત્રનો રહસ્ય જેણે સારી રીતે જાણ્યો હોય તે એક ક્ષણ માત્ર પણ શીઘ્ર મોક્ષદાયી ચારિત્રધર્મને કેમ વિસારે! પરંતુ પરમ ચારિત્ર ધર્મની પ્રાપ્તિ પ્રાયઃ પ્રાણીઓને અનુક્રમેજ થાય છે, માટે દિન પ્રતિદિન વિરતિધર્મને વિશેષે વિશેષે સેવવા ખપ કરવો. પ્રથમ તો ઉભય લોક વિરૂદ્ધ પરસ્ત્રી-વેશ્યાગમનાદિક સપ્ત મહાઘોર વ્યસનોનો ત્યાગ કરવો. (તે સંબંધી કાંઇક સવિસ્તર બ્યાન આગળ અપાઇ ગયું છે ત્યાંથી જોઇ લેવું.) ત્યારબાદ અનુક્રમે શ્રાવકના ૧૨ વ્રતોનું સ્વરૂપ સમજી તેઓમાંથી જેટલા વ્રતોનું પાલન થઇ શકે તેટલા પાળવા અભ્યાસ પાડી પ્રતિજ્ઞા કરવી, અને બાકીનાનો અભ્યાસ કરી અનુક્રમે નિયમ કરવો. છતી શક્તિએ આવી રૂડી સામગ્રી મળ્યા છતાં પ્રમાદમાં પડી પોતાનું ખાસ કર્તવ્ય ભૂલનાર ભાગ્યહીનને આગળ ઉપર બારે શોચ કરવો પડે છે. મુનિ મહારાજના મહાવ્રતોની અપેક્ષાએ શ્રાવકના વ્રતો બહુજ સોહિલા છે. મુનિ મહારાજને દરેક મહાવ્રત ત્રિવિધે ત્રિવિધે પાળવાનું છે, ત્યારે શ્રાવકોને અણુવ્રતાદિક પણ યથાશક્તિ ગમે તે ભાંગે ગ્રહણ કરવાની છુટ છે, છતાં ઘણાક તો જ્ઞાનશ્રદ્ધાદિકની ખામીથી તેટલો પણ લાભ લેવા ભાગ્યશાળી થઇ શકતા નથી. શ્રેષ્ઠ શ્રાવક તો ૧૨ વ્રતધારી, સર્વથા સચિત્ત ભક્ષણના ત્યાગી, તથા સર્વ વિરતિ ચારિત્ર ધર્મના પૂર્ણ અભિલાષી હોય છે. આવા વિવેકી શ્રાવક પ્રાયઃ ચારિત્ર રત્નને પામે છે.

**संघोवरि बहुमाणो, पुथ्थय लिहणं पभावणा तिथ्थे;**
**सट्ठाणकिच्चमेयं, निच्चं सुगुरुवएसेणं. ५**

૨૯ મું—શ્રી સંઘ ઉપર બહુમાન આત્માર્થી સજ્જનોએ અવશ્ય ધારવું. શ્રી તીર્થંકર પ્રભુની પવિત્ર આજ્ઞાને પ્રાણકરતાં અધિક માની સેવનાર સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવીકારૂપ ચતુર્વિધ કહેવાય છે. પરંતુ પરમ ઉપગારી પ્રભુની પવીત્ર આજ્ઞા ઉલંઘી આપમતિથી ગમે તેમ અવળા ચાલનારા જનોનો સમૂહ પરમ પવિત્ર સંઘની ગણનામાં ગણવા યોગ્ય નથી. તેઓનાં આચરણ પવિત્ર આજ્ઞા વિરૂદ્ધ છે. માટે પવિત્ર આજ્ઞાપાલક સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ શ્રી સંઘની પેરે, જગતજયવંતા શ્રી જિન શાસનની ઉન્નતિ કરવાને બદલે તેઓ તો કેવળ આજ્ઞા વિરૂદ્ધ વર્તવાથી પવિત્ર શાસનની હીલના યા અવજ્ઞા કરનારા છે, તેથી તેઓ પ્રભુની આજ્ઞા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાલક શ્રી સંઘની બાજુ છે. પવિત્ર આજ્ઞાધારક શ્રી સંઘ તો શ્રી તીર્થંકરને પણ માન્ય છે, અને જે સંઘ ત્રિભુવનપૂજ્ય શ્રી તીર્થંકરને પણ માન્ય છે તેનો અનાદર ત્રણે ભુવનોમાં કોણ કરી શકે તેમ છે? અને કદાચ મોહ મદિરાના નિસામાં કોઇ અનાદર કરે તો તે અંતે સુખી શીરીતે થઇ શકે? માટે સ્વકલ્યાણના ઇચ્છકે કદાપિ પણ પવિત્ર સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ વ્યસ્ત કે સમસ્ત શ્રી સંઘની મશ્કરી, નિંદા અવજ્ઞાદિક પોતે જાતે કરવાં નહિ, બીજા પાસે કરાવવાં નહિ, તેમજ કરનારને સંમત થવું નહિ; કિંતુ યથાશક્તિ તે પવિત્ર સંઘની ભક્તિ પોતે કરવી, બીજા પાસે કરાવવી, અને કરનારની પ્રશંસા કરવી. સ્વપરની ઉન્નતિ રચવાનો આ અતિ સહેલો (સુલભ) રસ્તો છે. જેઓ ઉક્ત વિવેકથી શ્રી સંઘની ભક્તિ કરે છે તેઓ પરમ ભક્તિરસથી સકળ કર્મવારી અક્ષયપદ પામે છે. શ્રી સંઘ જંગમતીર્થ રૂપ છે, તેથી મોક્ષાર્થી જનોએ અવસ્ય સેવવા યોગ્ય છે.

૩૦ મું—પુસ્તક લિખનમ્—સર્વજ્ઞ ભાષિત અને ગણધરાદિક મહાપુરૂષ ગુંફિત આગમો (પંચાંગી સમેત) પ્રકરણો યા ગ્રંથોનું લખવું, લખાવવું અને લખનારને મદદગાર થવું એ સુશ્રાવકોનું અવસ્ય કર્તવ્ય છે. તે તે શાસ્ત્રો જેમ શુદ્ધ લખાય તેમ ખાસ ધ્યાન દેવાની જરૂર છે. આજ કાલ હસ્તવડે લખાતા ગ્રંથો બહુધા અશુદ્ધ દેખાય છે; તેનાં ઘણાં કારણો છે, તે લક્ષ્યમાં લઇ વિચારતાં અને પૂર્વના શુદ્ધ ગ્રંથોની સાથે સરખાવતાં ઘણીજ દીલગીરી ઉપજે છે. તેમજ પૂર્વ પ્રભાવિક પુરૂષોએ લખાવેલા શુદ્ધ ગ્રંથોની આજકાલ ઘણે ઠેકાણે ચાલતી ગેરવ્યવસ્થા જોઇ અપાર ખેદ ઉપજે છે, આવા પરમ પવિત્ર શાસ્ત્રોની હાનિ થવાનું કારણ અજ્ઞાન અને અવિવેકનું જોરજ સંભવે છે. કેમકે જો તે પવિત્ર શાસ્ત્રોનું ખરૂં મૂલ્ય સમજાયું હોય તો પછી કોણ મંદભાગ્ય તે પવિત્ર શાસ્ત્રનો ખરો ઉપયોગ નહિ કરતાં, તેમજ નહિ કરવા દેતાં જાણે પોતાના બાપની મીલકત હોય તેમ મમતાથી મહા કૃપણના ધનની પેરે તેમને સંતાડી રાખી, તેમનો લાભ લેવા ઇંતેજાર અને ખરા હકદાર સમસ્ત શ્રી સંઘની અવજ્ઞા કરી ઉધેહી આદિકથી તેમનો નાશ થઇ જાય ત્યાં સુધી તેમની ઉપેક્ષા કર્યા કરે? ખરેખર કુસંપે ડાટ વાળ્યો છે. નહિતો બે ઘડીની અંદર આ બધું પાંશરૂંદોર થઇ જાય. જો આ નાશ પામતા પુસ્તકોને અમૂલ્ય સમજી બચાવી લેવા હોય તો તેનો ખરો અને સરલ ઉપાય સંપજ દેખાય છે. આજકાલ લખાતા લાખો અશુદ્ધ ગ્રંથો કરતાં નાશ પામી જતા શુદ્ધ ગ્રંથોનો બચાવ કરી લેવામાં મહા મોટો ફાયદો સમાયેલો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાશ પામેલી વસ્તુનો બીજે ઠેકાણે પત્તો મળવો મુશ્કેલ છે, તેમજ તેવા શુદ્ધ ગ્રંથોનો બચાવ કોઇ પણ રીતે થઇ શકે તો સારૂં, નહિં તો અતિ વિરલ અને ખાસ ઉપયોગી ગ્રંથોની એક એક નકલ અતિ શુદ્ધ કરી-કરાવી તે પ્રત ઉપરથી અનુકૂળ સાધનની સહાય લઇ બીજી શુદ્ધ પ્રતો કરાવવી બાજબી લાગે છે. લાભાલાભ વિચારી જેટલી આશાતના ટાળી શકાય તેટલી ટાળી પવિત્ર ગ્રંથોનો ઉદ્ધાર કરવો એ વિવેકવંત સમયજ્ઞ સુશ્રાવકોની ખાસ ફરજ છે. આપણા પરમ પવિત્ર શાસનનો ખરો આધાર ઉપર કહેલા અમૂલ્ય અને પવિત્ર શાસ્ત્રો પર છે. તે આપણો અમૂલ્ય વારસો આજકાલના કેટલાક જડ બરલો મિથ્યા માનના પૂતળાંઓના વિશ્વાસથી આપણે ગુમાવી ન બેસીએ, માટે આપણે વધારે સાવચેત થઇ તેઓને સમજાવી, સર્વે કબજો તેમની પાસેથી લઇ, શાસનપતિ ઉંડી લાગણી ધરાવનારા નરરત્નોને આગેવાની આપી તેઓની દેખરેખ નીચે તે અતિ કિંમતી વારસો સચવાવવો. આપણી બેદરકારીથી આપણે બહુ ખોયું છે, અને તે એટલું મોઘું કે તેનું મૂલ્ય મોટા શાની ઝવેરીઓજ કરી શકે પણ શિંગડાં અને પુંછડાં વિનાના નરપશુઓ કરી શકેજ નહિ. આશા છે કે હજુ પણ કુંભકરણની ઉંઘમાંથી જાગી ઉઠી પોતાનું ભવિષ્ય સુધારવા આપણા રઆાબજા ભાઇઓ કંઇ કરશે; અને કંઇક ઝનુનથી કહેલા કઠિન શબ્દો માટે સારૂં માનશે.

૩૧ મું—તીર્થ કહીએ શાસન તેની પ્રભાવના-ઉન્નતિ સુશ્રાવક યથાશક્તિ અવશ્ય કરે. ઉપલક્ષણથી કોઇ માઠા સંયોગોવડે થયેલી મલીનતાને પણ વારે-દૂર કરે. અપૂર્ણ.

મુનિ કર્પુરવિજય.

# आत्मिक तथा लौकिक उन्नतिनुं दिग्दर्शन.

આ સૃષ્ટિના સ્વભાવિક નિયમો કેવા ગહન અને ચોક્કસ છે તેનું જ્ઞાન માત્ર અનુભવથીજ થાય છે. તેનું જ્ઞાન અનેક પુસ્તકો વાંચવાથી પણ બિન અનુભવી યુવકને પ્રાપ્ત થવું ઘણું મુશ્કેલ છે. આપણા દેહાન્તર્ગત આત્મામાં અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર અને અનંત વીર્યરૂપ ગુણો સત્તામાં રહેલ છે. પરંતુ તે ગુણોની કર્માનુસાર ક્ષય વૃદ્ધિ થયા કરે છે. તે ઉપરથી એમ

For Private And Personal Use Only

સમજી શકાય છે કે આપણો આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યરૂપ અનંત ચતુષ્કમયજ છે. જેમ પ્રગટભાવમાં આ ચાર ગુણોનું તારતમ્ય તેમ તેમ આત્મશક્તિ ઓછી યા વધારે પ્રત્યેક પ્રાણીમાં નજરે પડે છે, જ્યાં સુધી આત્મરૂપી સૂર્યને નિબીડ કર્મરૂપી વાદળાંઓ આડાં આવી આચ્છાદન કરે છે, ત્યાં સુધી આપણા આત્મામાં રહેલું સહજ સ્વરૂપ પ્રગટ થતું નથી પણ જેમ જેમ આત્મા બલિષ્ઠ થઇ જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષય કરતો જાયછે, તેમ તેમ તેના શુદ્ધ આત્મગુણના કિરણો પ્રકાશિત થતાં જાય છે; અને જેમ જેમ આત્મા ભાવસહિત તપ, જપ, ધ્યાનાદિ પ્રચંડ વાયુવડે કર્મરૂપી વાદળાંને વિખેરતો જાય છે, તેમ તેમ વિશેષ બળવત્તર થયેલો આત્મા મહા મોહના સુભટોપર જય મેળવવાની શક્તિ પ્રાપ્ત કરે છે. જેમ અભ્યાસની શરૂઆત કરનારને નવ અંક અને મૂળાક્ષરો શીખતાં વિશેષ વખત અને શ્રમ ઉઠાવવો પડે છે છતાં પછી જેમ આગળ વધવાનો માર્ગ તેને ખુલ્લો થાય છે; તેજ પ્રમાણે જ્યારે મોહનીયાદિ કર્મ શિથિલ થવાથી સમકિતાદિ ગુણો પ્રાપ્ત કરવાને આત્માને વિવર મળે છે ત્યારે જીવ આત્મસ્વરૂપની ઓળખાણ કરવાની જિજ્ઞાસાવાળો થાય છે. અને પછી ધર્મ સન્મુખ થવાથી જે પોતે આજપર્યંત મિથ્યા અંધકારમાં કુટાયા કરતો હતો અને અનંતકાળથી આત્મધર્મની ઓળખાણ નહિ પડેલી હોવાથી પુદ્ગલિક સુખમાં મમત્વથી મચ્યો રહેતો હતો તે હવે બાહ્યમિથ્યા સુખ છોડી દઇને ખરેખરૂં અંતર્ગત આત્મસુખ અને આત્માનંદ પ્રાપ્ત કરી થોડાજ કાળમાં કર્મરહિત થઇ શકે છે એ નિર્વિવાદ વાત છે.

આ પ્રમાણે હોવાથી કૌસ્તુભમણિ સદૃશ આત્મસુખ તજી દઇને કાચના કડકા સમાન દૈહિક સુખમાં નિમગ્ન રહેવું તે ખરેખર મહામોહ રાજાની પ્રબળ સત્તા આપણાપર છે એમ બતાવી આપે છે. જેમ જેમ સાંસારિક સુખો મેળવવામાં આપણે વિશેષ પ્રવૃત્તિ કર્યા જઇએ છીએ, તેમ તેમ આત્મિક સુખ આપણાથી દૂર રહે છે એટલુંજ નહીં પણ ઉલટો કર્મનો સંચય થવાથી દુઃખરાશિને ઘટાડવાને બદલે વધારીએ છીએ. આ દુનિયાના પુદ્ગલિક સુખો કિંપાકના ફળ જેવા અથવા મધુલિપ્ત ખડ્ગનીધાર જેવા છે. એટલે શરૂઆતમાં મીઠાં પણ પરિણામે મહા દુઃખદાયી છે. આપણો આ સ્થૂલ દેહ બેશક આત્મિક સુખ ઉપાર્જન કરવામાં સાધનભૂત થઇ શકે તેમ છે. બલકે તે એક શસ્ત્રરૂપ છે. જો તેનો સદ્ ઉપયોગ કરવામાં આવે તો તે આપણને મોક્ષ સુધીનાં સુખો મેળવવામાં સહાયક થાય તેમ છે,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને જો તેને વિષયાદિમાં મગ્ન કરવામાં આવે તો તે આપણો મહાવૈરી ઠરે છે, આપણા સર્વ સાત્વિક ગુણોનો હરણ કરનાર થાય છે, આપણા અમૂલ્ય ખજાનાનો ક્ષય કરનાર બને છે, અને આપણી સર્વ સાચી સમૃદ્ધિઓનો ધ્વંસ કરનાર ઠરે છે.

આવા અત્યુપયોગી મનુષ્યશરીરને પામીને જે માણુસ તેમાં રહેલ વીર્યરૂપ ધાતુને સાચવી રાખે છે, અને પુદ્ગલિક સુખમાં ન લપટાતાં આત્મિક સુખમાં મગ્ન રહે છે તે મહાત્મા પુરૂષ અત્યાનંદનો ભોગી થઇ અનેક ઉત્તમ ગુણોને પ્રકાશિત કરી આત્મસત્તા પણ પ્રગટ કરે છે. આનો નિષ્કર્ષ એ છે કે જેમ કોઇ વાડી સારી બનાવવામાં સારા બીજની સગવડ થવી આવશ્યક છે તેજ પ્રમાણે કોઇ પણ કોમને આબાદીમાં લાવવા ઇચ્છનારે પ્રથમ તેના બીજરૂપ વીર્યને સુધારવાની જરૂર છે. તે ઉપરાંત તેને સાચવી રાખવાની પણ જરૂર છે. ઘણા અફસોસની વાત છે કે જો કે આપણે સૌ પોત પોતાની કોમ તેમજ ઓલાદને સુધારવા માગીએછીએ તોપણ જે વીર્ય ઉપર તે સુધારાનો આધાર રહેલો છે તે તરફ આપણું બીલકુલ લક્ષજ નથી. આપણી પ્રજા ઉત્તરોત્તર નબળી સ્થિતિમાં આવવાનું મુખ્ય કારણ બીજ (વીર્ય) ની નિર્બળતા વિના બીજું કાંઇ જણાતું નથી. જે બીજથી આપણો જન્મ થયો તેના કરતાં આપણે જે બીજથી જન્મ આપવાનો છે, તે ઉત્તરોત્તર નબળું થતું જાય છે.

એવો કુદરતી નિયમ છે કે દરેક પ્રાણીઓએ આ દુનિયામાં જન્મ ધારણ કરીને પોત પોતાની યોગ્ય ફરજ બજાવવી, તેમાં માણુસ જાતને મનનશક્તિ અને બુદ્ધિ વિશેષ મળેલી છે તો તેણે તેનો ઉપયોગ દરેક શુભ કાર્યમાં કરવાનો છે. પોતાનો ધર્મ શું છે તે વિષે સદા વિચાર કરવાનો છે; અને જો તે તે નિયમનો ભંગ કરી ઉન્માર્ગે વર્તે છે તોપછી તે શૃંગ પુચ્છ વિનાના પશુ કરતાં વધારે ચડીયાતો ગણાતોજ નથી. જો માણુસજાત વગર વિચાર્યે નિરંકુશપણે ઇંદ્રિયોને પ્રવર્તાવે તો તેનો આ પ્રતીયમાન દેહ ક્ષય પામે તેમાં કશું આશ્ચર્ય નથી. આ દેહરૂપી રથને ચલાવનાર ઇંદ્રિયો રૂપી પાંચ ઘોડા છે. પણ જો તેને અંકુશમાં રાખી સન્માર્ગે પ્રવર્તાવવામાં તેનો મનરૂપી સ્વાર મોળો હોય છે અથવા બેદરકાર રહે છે તોપછી તે ઘોડાઓ રથને અને તેની સાથેની સઘળી માલમીલકતને ખાડામાં નાંખી દે છે. અર્થાત્ આત્મસુખ વિગેરેનો નાશ કરે છે તેમાં કશું આશ્ચર્ય નથી. માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇંદ્રિયો મસ્ત થાય અને તેથી કામભોગ વિગેરે વાસનાઓ શરીરમાં પ્રબળ થતી જણાય કે તરત તેને વશ થઇ આપણે તેના દાસ બનવું નહીં. પણ મનની ઉપર બરાબર દાબ રાખી તેને અયોગ્ય માર્ગે દોડતું અટકાવી સન્માર્ગમાં જોડવું; એના જેવું બીજું કોઇ પણ ઉત્તમ કર્તવ્ય મનુષ્યને માટે નથી.

જેનામાં મનનશકિત હોતી નથી, અથવા ઘણી અલ્પ હોય છે તેને કુદરતજ જે રસ્તો બતાવે છે તે પ્રમાણે તે અમુક પ્રવૃત્તિમાં વર્ત્યા કરે છે. જો તે પ્રમાણે ન હોય તો આ સૃષ્ટિ ચાલે નહિં. એક વૃક્ષથી અન્ય વૃક્ષ તેમજ એક પ્રાણીથી અન્ય પ્રાણી ઉત્પન્ન થાય નહિ.

વનસ્પતિશાસ્ત્રના જાણનારા હાલના વિદ્વાનો કહે છે કે અમુક વખતેજ એક પુંકેસરની પરાગ તેની પાસેના અથવા દૂરના સ્ત્રીકેસરમાં જવાથી રજસંયોગ થાય છે અને તેથી વનસ્પતિની સંતતિ વધ્યા કરેછે. તેમજ શ્વાનાદિ પ્રાણીઓ પણ અમુક ચોક્કસ અને નીમેલે વખતેજ કામભોગ કરતાં હોય એવું જણાય છે. મતલબ કે વિચારશકિત રહિત પ્રાણીઓ પણ કામભોગની બાબતમાં નિયમિત છે તો શું આપણે તે વિષયમાં કુતરાં કરતાં પણ તદ્દન બેદરકાર થવું જોઇએ? જરા વિચારશો તો માલૂમ પડશે કે સંભોગસુખ, ઇંદ્રિયોની તૃપ્તિને માટે નથી, પણ તેનો ઉપયોગ ફકત સંતાનપ્રાપ્તિને માટેજ છે. આપણે એવા ઘણા દુરાચારી માણસો જોઇએ છીએ કે જે ફકત શોખની ખાતર પોતાના પૈસાનો, શરીરનો, અને તે ઉપરાંત આબરૂનો પણ ભોગ આપી આવું અકાર્ય કરવા ચૂકતા નથી. અરેરે! તે કેટલું બધું નીચ અને બેવકૂફી ભરેલું કાર્ય કહેવાય? પણ શું કરીએ! તે બિચારાઓને પોતાના કિંમતી વીર્યની કાળજીજ કયાં છે? એને માલૂમ નથી કે તેમાં આવી જાતના મોટા નુકસાનો રહેલાં છે. હાલના જમાનાના કેટલાક વિદ્વાનો એમ સિદ્ધ કરે છે કે વીશ વર્ષથી ઓછી ઉમરવાળાનું વીર્ય ગર્ભની ઉત્પત્તિ કરવાને યોગ્યજ નથી. કદાચ કાચા વીર્યથી ગર્ભ ઉત્પન્ન થાય છે તો તે જીવતો નથી અને કદાપિ જીવે છે તો તે ઘણો નિર્બળ રહે છે; વાસ્તે પંદરથી વીશ વર્ષ સુધીમાં ઉત્પન્ન થતી સઘળી વિકારવાસનાઓને અંકુશમાં રાખી વિર્યને દૃઢતાથી જાળવી રાખવું એ સઘળા મનસ્વી પુરૂષોની ફરજ છે, અને તેટલાથી જે અગણ્ય લાભો થાય છે તેમાંના બેચાર અત્ર લખું છું. પ્રથમ તો વિદ્યાભ્યાસ સારી રીતે

For Private And Personal Use Only

થઇ શકે છે; શરીર બળિષ્ટ હોવાથી કોઇ પણ કાર્ય ફત્તેહમંદીથી પાર પડે છે, ગર્ભ ઉત્પન્ન કરવા યોગ્ય પકવ વીર્ય હોવાથી પ્રજા સારી ઉત્પન્ન કરી શકાય છે, અને લાંબુ આયુષ્ય ભોગવી સ્ત્રીપુરૂષ પરસ્પર પ્રેમથી અત્યાનંદમાં કાળ ગમન કરે છે.

કેટલાક દુષ્ટ વૃત્તિવાળા મનુષ્યો ઋતુવંતી તેમજ ગર્ભિણી સ્ત્રી વગેરે-થી પણ કામ સુખ લેવા તત્પર થાય છે, પણ જ્યારે તે અક્કલના અંધ માણસોને પોતાના દુરાચારનું ફળ મળે છે ત્યારેજ તે લોકોની આંખો ઉઘડે છે; અને પછી અત્યંત પસ્તાવા પૂર્વક મહા ભયંકર રોગોના ભાજન થઇ યમના કિંકર થયા થકાં નરકમાં સડ્યા કરે છે. લાંબી જીંદગી ઇચ્છનાર પુરૂષે જેમ વીશ વર્ષ સુધી પરણવું ન જોઇએ તેમ સ્ત્રીને માટે પણ પંદર વર્ષ સુધી શીયળ પળાવું જોઇએ. કારણ કે જો પુરૂષનું બીજ ઉત્તમ છતાં નબળી સ્ત્રી રૂપી ભૂમિમાં વાવવામાં આવે તોપણ કોઇ હહાડો સારૂં ફળ થવાની આશા રાખવી નહીં. વળી દંપતીએ શાસ્ત્રમાં મિથુનક્રિયાના નિયમો બતાવ્યા છે તે પ્રમાણે વર્તવું જોઇએ. જેમકે ઋતુધર્મ પામ્યા પછી જ્યારે રજસ્વલા સ્ત્રી ચાર દિવસ પછી ન્હાઇ ઉઠે ત્યારબાદ બાર દિવસ સુધીનો વખત ગર્ભ ધારણ થવાનો છે તો તે સિવાયના બીજા દિવસોમાં થયેલો કામભોગ કેવળ વ્યર્થ અને શરીરને માત્ર હાનિકારકજ છે. તે બાર દિવસોમાં પણ નિયમિત એટલે કે મોટી તિથિ તથા પર્વના દિવસમાં વિરતિ કરવાની જરૂર છે. કેમકે પુત્રપ્રાપ્તિ થવી યા નહિ તેનો બહોળો આધાર કર્મ ઉપરજ છે. અન્ય શાસ્ત્રમાં કહેલા ઋષિયો બબ્બે ચચ્ચાર વર્ષે એકજવાર કામભોગ કરવાથી ઇચ્છાનુસાર પુત્ર પુત્રીને જન્મ આપી શકતા; તે કેવળ તેમના પરાક્રમી વીર્યનો તેમજ નિયમિતપણાનો પ્રભાવ કહીએ તો તેમાં કિંચિત્ પણ ખોટું નથી, આજકાલના શિથિલ વીર્યવાળા અજ્ઞાન પુરૂષો જોકે સ્ત્રીઓના અને કામદેવના ગુલામ બન્યા રહે છે તોપણ વાંછિત પુત્રની પ્રાપ્તિ કરી શકતા નથી. તો તેમાં દોષ કોનો છે? તે દરેક બુદ્ધિમાન માણસે વિચારવાનું છે. કેટલાક એમ ધારતા હશે કે જે પ્રાણી વિશેષ વીર્યવાન અને જોરાવર હોય તે કામક્રીડામાં વિશેષ મશગુલ રહે છે પણ આ માનવું તદ્દન પાયા વગરનું છે. એક સંસ્કૃત કવિ કહે છે કે-

सिंहो बली द्विरदशूकर मांसभोजी
संवत्सरेण रतिमेति किलैकवारं ।

पारावतः खरशिलाकण मात्रभोजी
कामी भवत्यनुदिनं वद कोत्रहेतुः ॥

અર્થ—"હાથી તથા શૂકરના માંસનું ભક્ષણ કરનાર સિંહ જો કે બળવાન છે તોપણ વરસમાં એકજ વખત વિષયસુખ ભોગવે છે અને પારેવું કંકરનું [illegible] ભક્ષણ કરીને રહેનાર છે તોપણ તેને હમેશાં વારંવાર કામ વાસના થાય છે. કહો તેનો શો હેતુ?"

આ શ્લોકનો સાર એવો છે કે જેમ બલિષ્ઠ શરીર હોય છે તેમ કામવાસના ઓછી હોય છે. જુઓ સમુદ્ર કદિ પણ છલકાતો નથી.

આપણા શરીરમાં સાત ધાતુઓ રહેલા છે, તે બધા ચામડીથી ઢંકાયેલા હોવાથી પ્રત્યક્ષ દેખાતા નથી. રસ, રૂધિર, માંસ, મેદ્દ અસ્થિ, મજ્જા તથા શુક્ર (વીર્ય)-આ સાત ધાતુઓ જ્યારે શરીરમાં યોગ્યતા મુજબ અને પ્રમાણસર હોય છે, ત્યાં સુધીજ માણસની નિરોગતા અને સ્વસ્થતા સચવાઇ રહે છે. પણ જ્યારે તેમાં ઘટાડો થાય છે ત્યારે રોગોત્પત્તિ થાય છે; અને તેથી કરીને જ્યારે શ્રેષ્ઠ ધાતુ વીર્યનો અતિયોગ થાય છે, ત્યારેજ ઘણા માણસો રોગાધીન થાય છે એમ જણાય છે. આપણે જે આહાર કરીએ છીએ તેનો રસ થઇને શરીરમાં પરીણમે છે. પછી તેનું હૃદયમાં જઇ લોહી થાય છે. ત્યારપછી બે ચાર દિવસે લોહીનું માંસ થાય છે અને એ પ્રમાણે ઉત્તરોત્તર છેવટનો ધાતુ વીર્ય નામનો ઉત્પન્ન થાય છે. તે ઘણાજ થોડા પ્રમાણમાં એટલે આશરે આહાર લીધા પછી ચાલીશ દિવસે બિંદુ માત્ર થાય છે. એવો કેટલાએક વૈદ્યોનો મત છે. હવે આ વીર્ય નામનો ધાતુ બાળકમાં અપક્વ અને અલ્પ માત્ર હોય છે તેથી તેને વિકાર કરતો નથી; તે ઉત્તમ ધાતુ છે એમ કહેવાનું તાત્પર્ય એ છે કે તે આ શરીરને બળ, ઉત્સાહ અને આનંદ આપી શરીરને ચાલાકીમાં રાખનાર છે અને છેવટે ગર્ભોત્પત્તિ કરી આપનાર પણ તેજ ધાતુ છે. પણ જેમ ફળ વિનાનું ઝાડ શોભતું નથી, તેમ તે ધાતુના અભાવવાળો માણસ શોભતો નથી; અને તેના અલ્પત્વથી માણસ કોઇ પણ કાર્ય હિંમતથી બજાવી શકતો નથી. માટે બંધુઓ, આપણે બ્રહ્મચર્ય પાળવાની ઘણી જરૂર છે, તે ધાતુનો ખોટી રીતે ઉપયોગ કરવો તે મોટું ઉડાઉપણું તથા અવિચારીપણું છે; અને તેમ કરવાના પરિણામે નબળા વીર્યથી નબળી પ્રજા ઉત્પન્ન કરવામાં પણ આપણે ઘણા દુષ્ટ અને

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્દય કરીએ છીએ. માટે બંધુઓ! જો તે ધાતુનો ઉપયોગ કરવો તો તે યોગ્ય રીતેજ કરવો કે જેથી અંતે પસ્તાવાનો વખત ન આવે.

આ વખતે મને એક બીજી વાત પણ યાદ આવે છે કે જેમ કુમળા વૃક્ષના કુમળા ફળો ચુંટી લેવાથી ફરીને તે વૃક્ષને ફળ આવતાં બહુ વાર લાગે છે અથવા આવતાંજ નથી, તે પ્રમાણે તેર ચૌદ વર્ષની કુમળી વયમાં થયેલો વીર્યપાત તે માણસને નિર્વીર્ય કરી નાખી પાયમાલ સ્થિતિએ પહોંચાડે છે, અને પછી પાતળા વીર્યનો તેમજ ધાતુક્ષયનો રોગ લાગુ પડવાથી પ્રજોત્પત્તિ થવી તો દૂર રહી, પણ તે મનુષ્યરૂપ કુમળું વૃક્ષ થોડા કાળમાં સુકાઇને પડી જાય છે; એટલે કે તે બિચારાના દેહનો પણ નાશ થાય છે.

આવા દાખલાઓ સેંકડે એક બે નહિ પણ અનેક જેવામાં આવે છે; અને બાળલગ્ને તો જૈન કોમમાં તેમજ બીજી કેટલીક ઉંચ કોમમાં પણ ઘર ઘાલ્યું છે. અરે દુષ્ટ માબાપો! તમને તમારા નિર્દોષ પુત્ર પુત્રીઓની દયા કાં નથી આવતી? તમે તેમના પક્કા દુશ્મન છો. તમે લહાવો લેવાની ફક્ત નજીવી મૂર્ખ ઇચ્છાને તૃપ્ત કરવા ખાતર તમારા પ્રિય બાળકોનો જન્મ નિષ્ફળ કરી નાંખોછો તમે લાકડે માકડું વળગાડી દેવામાં બીલકુલ પાછી પાની કરતા નથી. પણ તેના મિષ્ટ ફળો પણ શા કામના કે જેથી મરણ નીપજે? અરેરે શું કરીએ! ખરેખરા ખેદની વાતતો એ છે કે વિષયવાસના પણ અલ્પવયની જીવોમાં વધતી જાય છે.

કેટલાંક કાચાં અને કુમળાં બાળકો પોતાના વડીલ માબાપ વિગેરેની ઢંગધડા વગરની તેમજ બેદરકારીવાળી પ્રવૃત્તિથી તેમજ દુષ્ટ સોબતથી નાનપણથીજ વિષયવાસનાને મજબુત કરનાર બિભત્સ વાતો સાંભળવા ઉત્સુક થાય છે અને દુષ્ટ શૃંગારથી પૂર્ણ એવી સદેવંત સાવલીંગા કે ગુલબંકાવળી જેવી ચોપડીઓ વાંચવામાં લીન થઇ જાય છે, તે વિષે જો તેના માબાપો દરકાર કરતા હોય તો તેમ બનવાનો સંભવ બહુ ઓછો છે, પણ તેઓ તો જાણે છે જે મારો છોકરો ભણીને હોંશીઆર થયો છે પણ તેને ખબર નથી કે 'જેમ ભણ્યો કણબી કુટુંબ બોળે છે' તેમ તે પોતાની હોંશીઆરીને માથે પાણી ફેરવનાર થયો છે.

કેટલીક અધમ સ્ત્રીઓના મોહકરૂપ જોઇ તે બાઇનું મન ચળી જાય છે અને પછી ગમતમાં ને ગમતમાં દુષ્ટ સોબતને લીધે સૃષ્ટિક્રમ વિરૂદ્ધ કેટલાક દુષ્ટ કાર્યોથી પોતાના વીર્યને રસ્તો આપે છે કે જે લખતાં પણ અત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરમ આવે છે. પણ જ્યારે અંધાધુંધીમાં તે યુવક પોતાનું સઘળું વીર્ય ગુમાવી રહે છે ત્યારે તેને કાંઇક ભાન આવતું જાય છે. આ કુટેવથી એવાં અનેક મહા ભયંકર રોગો ઉત્પન્ન થાય છે કે જે બધા લખતાં આખું પુસ્તક ભરાય; પણ ટુંકમાં નસોની કમજોરી તથા ધાતુક્ષય થવાથી થોડા દિવસમાં તે જડ, ઝાંખો, અને મંદ થઇ જાય છે; ઉત્સાહહીન અને સુસ્ત બની જાય છે અને છેવટે હિલાના જેવો છકિટ બને છે. તે વખત તેના માબાપ જાણે છે કે આપણો છોકરો બહુ અભ્યાસ કરવાથી નમળો થઇ ગયો છે; આમ ધારી તેઓ તેનો અભ્યાસ છોડાવી દે છે અથવા તો તે પોતેજ છોડી દે છે, પણ તે બિચારા માબાપને શી માલૂમ કે ભાઇએ કેવા પ્રકારનો અભ્યાસ કર્યો છે!

અભ્યાસ છોડ્યા પછી જો કોઇ સારા હકીમ દાક્તરની સલાહ મળે છે અને પૈસાદાર સ્થિતિ હોય છે અથવા તદ્દન નાબુદ થયો હોતો નથી તો તે બચી જાય છે, પણ જીંદગી સુધી નિર્બળ તો રહે છે, અને કેટલાક તો અકાળ મૃત્યુ પણ પામે છે. આવા દાખલાઓ સેંકડે પચાસ ટકા બનતા હશે, કારણ કે આ બાબતનું જ્ઞાન છોકરાઓને અપાતુંજ નથી. તેના માબાપ તથા માસ્તરો જો કે છોકરાઓને કેળવણી આપી સુધારવાનો દાવો ધરાવે છે; છતાં **પહેલું સુખ તે જાતે નર્યા** એ કહેવતને તદ્દન વિસારી મૂકે છે. જ્યારે સુધરેલા દેશોમાં ગુહ્ય અવયવોની તથા વીર્ય સંરક્ષણની સમજુતી આપવાનું જ્ઞાન એક ખાસ વિષય તરીકે મનાય છે અને તે બાબતમાં કશી લજ્જા હોય એવો સવાલ ત્યાંના માસ્તરો વિગેરેના મનમાં આવતોજ નથી; ત્યારે આપણે લોકો તે બાબતનું યથાર્થ સ્વરૂપ સમજાવવામાં શરમ સમજીને ઘણી નિંદવા લાયક મૂર્ખાઇ અને બેદરકારી કરીએ છીએ. પણ ખબર નથી કે આથી શરમમાં કેટલું નખોદ વળી જાય છે? જેના ઉપર સંસારસુખનો પાયો રચવાનો છે તે વીર્યની કેટલી શિથિળતા કરી નાંખવામાં આવે છે? ભવિષ્યમાં જે વૃક્ષ ઉત્તમ ફળો આપવાની આગાહી આપતું હોય છે તે થોડા વખતમાં ભ્રષ્ટ થઇને નાશ પામે છે. માટે આ વિષયની કોઇપણ પ્રસંગદ્વારા બાળકને કેળવણી મળવીજ જોઇએ; અને અકાળની વિષયવાસનાથી જે ગેરફાયદાઓ તેની અગમચેતી બાળકોને કોઇપણ હેતુદ્વારા આપવીજ જોઇએ. આ બાબતમાં સરકાર તરફથી અને તેમ નહી તો પોતપોતાની કોમ તરફથી એક વીર્યસંરક્ષણની નાનકડી બુક છપાવવામાં આવે અને તેને ગુજરાતી ધોરણમાં ચલાવવામાં આવે તેમજ ખાસ ઇંગ્રેજી ધોરણમાં વિદ્યાર્થીઓના અભ્યાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રમમાં એક ખાસ વિષય તરીકે તેને ગોઠવામાં આવે તો તે બાળકોને અનેક પ્રકારના ફાયદા કરનાર અને આશિર્વાદ રૂપ થઇ પડશે. મારી એવી ઉમેદ છે કે છોકરાઓ તેમજ છોકરીઓ શરીર સંબંધી વીર્યનું તથા પોતાના કર્તવ્યનું રહસ્ય સમજી જ્યાં એવો પ્રચાર નથી ત્યાંના લોકો શરીરસંપત્તિમાં ચડીયાતા છે, તથા લાંબી જીંદગી ભોગવે છે એમ જોઇ તે પ્રમાણે પ્રવર્તશે.

મારી આ નમ્ર અરજ મુબારક સુધારકોના મનમાં સત્વર ઠસી અમલમાં આવે તોજ આપણી દૈહિક સાથે આત્મિક ઉન્નતિનો વખત કાળાંતરે આવે અને આપણામાં જે બાહોશ નરરત્નની તંગી માલૂમ પડે છે તે તદન નિર્મૂળ થઇ જાય. છેવટે બાળલગ્ન, કન્યાવિક્રય, વૃદ્ધ વિવાહ વિગેરે દુષ્ટ રિવાજો તથા પ્રચલિત કુટેવોને દેશવટો મળી આપણી શારીરક, માનસિક અને આત્મિક સમૃદ્ધિઓમાં વૃદ્ધિ થાય એવું ઇચ્છી આ લેખ પૂર્ણ કરૂંછું.

તથાસ્તુ.

શા. રાયચંદ કશળચંદ.

ભાવનગરી—હાલ અમદાવાદ.

# पुत्रममता.

સંસારી જીવોને પુત્ર, સ્ત્રી, ઘર, હાટ, હવેલી અને ધનાદિ ઉપર અનેક પ્રકારનો મમત્વ બંધાયેલો હોય છે. તે મમત્વ તેને દુર્ગતિએ લઇ જવામાં પ્રબળ કારણભૂત હોવાથી તે પ્રત્યેક મમત્વને ત્યજવા માટે અધ્યાત્મ કલ્પદ્રુમ નામના ગ્રંથમાં તેના કર્તાએ પૃથક્ પૃથક્ અધિકારો કહેલા છે. તેમાંથી અપત્ય (પુત્ર પુત્રી) ની મમતા મુકવા સંબંધી અધિકાર તેની ટીકાને આધારે કેટલાક વીવરણ સહિત અહીં દાખલ કરેલો છે. તે આખો ગ્રંથ તેવાજ વીવરણ સાથે તૈયાર કરવામાં આવેલો છે અને તે અમારા તરફથી પ્રગટ કરવામાં આવનાર છે તેનો આ નમુનો માત્ર છે. તે વાંચવાથી તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રંથનું ઉપયોગીપણું અને તેની વૈરાગ્યવાસનાને દૃઢ કરવાની અપ્રતિહત શક્તિ લક્ષમાં આવી શકે તેમ છે.

## अपत्यममत्वमोचनाधिकार.

અધ્યાત્મ જ્ઞાનના રસિક જીવોને સમતાની જરૂર છે અને તેના સાધનો પૈકી મમત્વત્યાગની પ્રથમ આવશ્યક્તા છે. સ્ત્રીઓ પછી આ પ્રાણીને પુત્રનો મમત્વ તજવો બહુ આકરો થઇ પડે છે. તેથી આ પુત્ર પુત્રી પરના મમત્વનો ત્યાગ બતાવનાર ત્રીજું દ્વાર સંક્ષેપથી કહે છે.

## પુત્ર પુત્રી બંધન છે તેનું દર્શન.

### ઉપજાતિ.

**मा भूरपत्यान्यवलोकमानो,**
**मुदाकुलो मोहनृपारिणा यत् ।**
**चिक्षिप्सया नारक चारकेसि,**
**दृढं निबद्धो निगडैरमीभिः ॥ १ ॥**

"તું પુત્ર પુત્રીને જોઇને હર્ષ ઘેલો થામાં, કારણ કે મોહરાજા નામના તારા શત્રુએ નરકરૂપ બંદીખાને નાંખવાની ઇચ્છાથી આ (પુત્ર પુત્રી રૂપ) લોહાની સાંકળોવડે તને મજબૂત બાંધ્યો છે."

**ભાવાર્થ:**—"પિતા અને માતા વચ્ચે સ્નેહના બંધનરૂપ પુત્ર નામની સાંકળ નાંખવામાં આવે છે." એમ **કવિ ભવભૂતિ** કહે છે-પુત્રને જોઇને માણસ ગાંડો ઘેલો થઈ જાય છે અને તેની સાથે બોલવામાં-રમાડવામાં એવી જાતની ચેષ્ટા કરે છે કે જાણે તે પોતે ગાંડો થઇ ગયો હોય. વળી બાળકની સાથે બાળક થઇ જાય છે. પ્રસંગોપાત્ ગ્રંથકર્ત્તા તેને સમજાવે છે કે મોહરાજાએ આ બંધન કર્યું છે. કેદમાં પડેલ માણસને કોઇ પણ પ્રકારનો આનંદ થતો નથી, તેને સુખ નથી, તેમજ આ પુત્રબંધનથી તારી સર્વ સ્વતંત્રતાનો નાશ થાય છે. તારે દેશસેવા, પિતૃસેવા કે આત્મસેવા કરવી હશે તો તે પણ ઓછી થશે અથવા નહિ થઈ શકે. **આર્દ્રકુમાર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીક્ષા લેવા માટે જવા ઇચ્છતા હતા ત્યારે પુત્રે કાચા સુતરના બાર તાંતણા [illegible] તાંતણા તો શું પણ હજારો માણસને પણ ભારે પડે એવા આર્દ્રકુમારશ્રી તે તાંતણા તુટતાં [illegible] વધારે ઘરમાં રહેવું પડ્યું. પુત્ર પુત્રીઓનું બંધન આવા પ્રકારનું છે;

મહા વૈરાગ્યભાવ જાગૃત થતાં કોઇ આસન્નસિદ્ધિ જીવને સંસારત્યાગ કરવાની ઇચ્છા થાય છે ત્યારે સ્ત્રી અને પુત્ર કેટલા બંધન રૂપ થઇ પડે છે તે અનુભવસિદ્ધ છે. આત્મધર્મ અને ઊંચા પ્રકારની ફરજ અદા કરવા જતાં પુત્રધર્મ અને પતિધર્મને કાંઇ પણ બાધ આવે તો વધારે માન કોને મળવું જોઇએ તે વિચારવા જેવો સવાલ છે, પણ તે અત્ર અપ્રસ્તુત છે.

## પુત્ર પુત્રી શલ્યરૂપ છે તેનું દર્શન.

आजिवीतं जीव भवान्तरेपि वा,
शल्यान्यपत्यानि न वेत्सि किं हृदि ।
चलाचलैर्यैर्विविधार्त्तिदानतो,
ऽनिशं निहन्येत समाधिरात्मनः ॥ २ ॥

"હે ચેતન! આ ભવમાં અને પરભવમાં પુત્ર પુત્રી શલ્ય છે એમ તું તારા મનમાં કેમ જાણતો નથી? તેઓ થોડી અથવા વિશેષ ઉમ્મર વાળા થઇને તને અનેક પ્રકારની પીડા કરી તારી આત્મસમાધિનો નાશ કરે છે." ૨.

**ભાવાર્થ:**—છોકરાઓ અનેક પ્રકારની ઉપાધિના કારણ છે તે ઉપરાંત વળી માબાપને શલ્યભૂત છે. જો **ચળ** એટલે ઓછા આયુષ્યવાળા હોય તો માબાપને શોક કરાવે છે, અને જો વિધવા મૂકીને જાય છે તો તો કાંઈ શોકનો પારજ રહેતો નથી. જો **અચળ** એટલે વધારે આયુષ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાળા હોય છે તો કેળવણી, પાણિગ્રહણ, લગ્ન, સંસારમાં વધારવા વિગેરે કાર્યોમાં વ્યગ્ર ચિત્તને અનેક ઉપાધિ થાય છે; તેમાં પણ પુત્રને ઇચ્છા પ્રમાણે આગળ વધતો નહિ જોઇને પિતાના મનમાં બહુ લાગી આવે છે. વળી તેઓ ચળાચળ એટલે ચંચળ હોય છે તો કુકર્મો કરીને પિતાના ચિત્તને શાંતિ રહેવા દેતા નથી. આવી રીતે પુત્ર પુત્રીથી સર્વદા સમાધિનો નાશ તો થાય છેજ.

પુત્ર કરતાં પણ પુત્રીની બાબતમાં વધારે ચિંતા રહે છે. તેને ભણાવવી, સારો વર શોધવો, તેના પુત્ર પુત્રી સુધી દરેક પ્રસંગે પોતે હાથ લંબાવવો અને જો તે કમનસીબ હોય તો તેના વૈધવ્યના દુઃખો જોવાં. આ સર્વ અંતઃકરણમાં શલ્ય રૂપજ છે.

આવી રીતે આ ભવમાં અપસથી સમાધિનો નાશ થાય છે અને તે દુર્ધ્યાનના પરિણામે આવતા ભવમાં પણ ઠરીને બેસવાનો વારો આવતો નથી. આ શ્લોક જેને પુત્ર ન હોય તેણે ખાસ ધ્યાનમાં રાખવા જેવો છે. આ સંબંધમાં અભિકારની છેવટના ઉદ્‌ગારોમાં વિશેષ સ્વરૂપ છે.

## આક્ષેપ દ્વારા પુત્રમમત્વ ત્યાગનો ઉપદેશ.

### उपजाति.

कुक्षौ युवत्याः कृमयो विचित्रा,
अप्यसृशुक्रप्रभवा भवन्ति ।
न तेषु तस्या नहि तत्पतेश्च,
रागस्ततोऽयं किमपत्यकेषु ॥ ३ ॥

" પુરૂષનું વીર્ય અને સ્ત્રીનું રક્ત–તે બન્નેના સંયોગથી સ્ત્રીની યોનીમાં વિચિત્ર પ્રકારના કીડાઓ ઉત્પન્ન થાય છે; તેના ઉપર સ્ત્રીનો કે તેના પતિનો રાગ નથી ત્યારે પુત્રો ઉપર શા સારૂ રાગ થાય છે." ૩

**ભાવાર્થ:**—એકજ સંયોગના પરિણામે પુત્રો પુત્ર અને બેઇંદ્રિય જીવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોનીમાં ઉત્પન્ન થાય છે. એક ઉપર પ્રીતિ થાય છે અને બીજા ઉપર દુગંચ્છા થાય છે. આ પ્રેમની વિચિત્રતા છે. સૂક્ષ્મજીવોની ઉત્પત્તિ શાસ્ત્રપ્રસિદ્ધ છે. સ્થાન, સમય અને સંજોગમાં એકાકાર વૃત્તિ છે છતાં પણ મનના ક્રિયાભાવથી પ્રેમમાં આવી વિચિત્રતા છે એ જોવા જેવું છે. આ ઉપદેશ આક્ષેપથી કરેલો છે અને જો કે શબ્દો કર્કશ છે છતાં પણ ઉપદેશના ગર્ભમાં જે ઉચ્ચભાવ છે તે ધ્યાન આપવા જોગ છે.

## અપત્યપર સ્નેહબદ્ધ ન થવાનાં ત્રણ કારણો.

**त्राणाशक्तेरापदि, संबंधानंत्यतो मिथोगवतां ।**

**संदेहाच्चोपकृते, र्मापत्येषु स्निहो भव ॥ ४ ॥**

" આપત્તિમાં પાલન કરવાની અશક્તિ હોવાથી, પ્રાણીઓનો પરસ્પર સંબંધ અનંત પ્રકારનો હોવાથી અને ઉપકારનો બદલો વાળવાનો સંદેહ હોવાથી તું પુત્ર પુત્રાદિપર સ્નેહવાળો થામાં. " ૪.

**વિવેશાર્થ:** પુત્ર પુત્ર્યાદિના સ્નેહમાં આસક્ત ન થવાનાં ત્રણ કારણો બતાવે છે.

(૧) દુઃખમાંથી રક્ષણ કરવાને તેઓ શક્તિવાન નથી. કર્મજનિત પાપોદય થવાથી આપત્તિ આવે છે, તેમાંથી રક્ષણ કરવાને કોઇ પણ શક્તિવાન હોય તો તે આત્મશક્તિજ છે, બીજાનું કાંઇ પણ ચાલતું નથી. કર્મસ્વરૂપ સમજતા હોય તેઓને આ દલીલનું વાસ્તવીકપણું સમજાઇ જશે.

(૨) આ પ્રાણીઓને પરસ્પર અનેક સંબંધ થાય છે. દરેક પ્રાણી માતા, પિતા, સ્ત્રી, પુત્રપણે થાય છે, સમતાદ્વારમાં આ સંબંધી સંપૂર્ણ વિવેચન થઇ ગયું છે; પણ અપત્યપર આસક્ત ન થવાનું આ એક મજબૂત કારણ છે; તેથી અત્ર તે તરફ ધ્યાન ખેંચવામાં આવે છે.

(૩) ઉપકારનો બદલો વળવાનો સંદેહ છે. અનેક પુત્રો તો પિતાની પહેલાંજ દુનિયા તજી જાય છે અને કેટલાક કુપુત્ર નીવડે છે. આવા પુત્રો પિતાને જરા પણ ઉપયોગી થતા નથી, એટલુંજ નહીં પણ શોક અને ચિંતાનું કારણ થઇ પડે છે. કોણીકે પોતાના પિતા શ્રેણીકના શા હાલ કર્યા હતા તે પ્રસિદ્ધ વાત છે. વૃદ્ધાવસ્થામાં પુત્રો ડોસાને કેવી રીતે હડધુત કરે છે તે અનુભવીઓએ જોયું છે. વારસો લેવાની લાલચે કેટલાક પુત્રો શું શું કૃત્યો કરે છે તે પ્રસિદ્ધ વાત છે. જગતમાં સુપુત્રો નથી એમ કહેવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મતલબ નથી. **રામ** અને **અભયકુમાર** જેવા પણ હોય છે. પણ પોતાનો પુત્ર કેવો નીવડશે તે વીગો છે અને તે વીમા ખાતર પોતાનું આત્મસાધન ન કરવું એ અનુચિત છે. આ ત્રણ કારણથી અપત્યસ્નેહબદ્ધ થવું નહિં. બીજી ગાથાને છેડે કરેલી શંકાનું અત્ર નિવારણ થઇ જાય છે.

આવી રીતે ત્રીજું અપત્યમમત્વમોચનદ્વાર પૂર્ણ કરવામાં આવ્યું છે. પુત્ર પ્રાપ્તિથી અતિ હર્ષ પામવો નહિ, પુત્રમરણથી દીલગીર થવું નહિ અને પુત્ર પુત્ર્યાદિના બંધનથી સંસાર વધારવો નહિ એ મુખ્ય ઉપદેશ છે.

આ સંબંધમાં વધારે અગત્યની બાબત એ છે કે પુત્ર ન હોય તો દુર્ધ્યાન કરવું નહિ. પુત્ર પુત્રી હોય તો તેને કાઢી મૂકાતા નથી પણ ન હોય તેણે સંતોષ રાખવો જોઇએ. તેઓએ માનવું કે દુનિયાની મોટી જંજાળમાંથી તેઓ મુક્ત છે અને આત્મસાધન, ધર્મકાર્યમાં દ્રવ્યવ્યય અને દેશ સેવામાં જીવન અર્પણ કરતાં તેઓને કશી અડચણ નથી. અત્યંત દીલગીરી સાથે લખવું પડે છે કે આલુ જમાનામાં આથી તદ્દન વિરૂદ્ધ દેખાવ નજરે પડે છે. ખસુસ કરીને કેળવણીથી બેનસીબ રહેલા માણસો શાસ્ત્ર અને સંપ્રદાય વિરૂધ આચરણ પુત્રપ્રાપ્તિ સારૂં કરે છે. જાણે કે પુત્રથીજ મોક્ષ હોય તેમ માની લૌકિક મિથ્યાત્વ રૂપ માનતા માને છે, લીલ પરણાવે છે અને આખો દિવસ દુર્ધ્યાન કર્યા કરે છે. આટલુંજ નહિ પણ કેટલાક મૂર્ખાનંદો તો એક છતાં બીજી સ્ત્રી પણ પરણે છે. અભણ સ્ત્રીઓ પોતાનો હક સ્થાપન કરી શકતી નથી તેથી તેના ભર્તારો તેની નબળાઇનો ગેરલાભ લે છે. પણ આવું સ્વાર્થીપણું હવેના જમાનામાં ચાલવાનું નથી; પુત્રવાનને શું સુખ છે તે તેઓ જોતા નથી. તેમાં બીલકુલ સુખ નથી. પણ દૂરથી જોતાં બહુ પુત્રવાળો સુખી જણાય છે. પુત્રવાનોને પુત્રની કાંઇ ખાસ કિંમત નથી, પણ પુત્ર ન હોય તેઓ પોતાની જીંદગીને નિષ્ફળ માને છે. આ તદ્દન અજ્ઞાનતા છે અને મોહનો કેફ છે. તેનાપર જ્ઞાનનો પ્રકાશ પડવાની જરૂર છે. અપત્યપર સ્નેહ રાખી સંસારયાત્રા વધારવી એવો જૈનશાસ્ત્રનો ઉદ્દેશ નથી. ચોથા શ્લોકમાં જે ત્રણ કારણો બતાવ્યાં છે તે તરફ ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે. આ અધિકારમાં સર્વથી ઓછા શ્લોક છે, પણ મુદ્દાની હકીકતનો સંક્ષેપમાં સારી રીતે સમાવેશ કરી દીધો છે.

**इति सविवरणअपत्यममत्वमोचननामा तृतीयः अधिकारः**

"મૌક્તિક"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# वर्तमान समाचार.

**શીયાંગામમાં પશુવધ અટક્યો**—શીયાંગામના ઠાકોર શ્રી રણજીતસિંહજીએ પંડિત નથુરામ શર્માના ઉપદેશથી તેમજ મહાજનની કરેલી અરજ ઉપરથી આસો શુદ ૮ મે દેવી આગળ થતો પાડાનો વધ અને દશેરાને દિવસે થતો બલિદાન બંધ કર્યાં છે; જેથી તેમના દયાળુપણાને લીધે તેમની પ્રજામાં ખુશી થઈ છે. તેમજ ત્યાંના બાવાબાપુ માનગિર પોતાની કુળદેવી પાસે બકરાંનો વધ કરતા હતા તેમણે પણ ઠાકોર સાહેબના વચનથી તે અકાર્ય બંધ કર્યું છે; જેથી બલિદાન પણ અટક્યો છે. આ કાર્યથી મહાજનવર્ગ બહુ ખુશી થયેલ છે.

**બોટાદ જૈન પાઠશાળાની પરીક્ષા**—પરીક્ષક તરીકે નીમાયેલા દુર્લભજી કાળીદાસે ભાદરવા વદિ ૯ મે બોટાદની પાઠશાળામાં અભ્યાસ કરતા બાળકો તથા કન્યાઓની પરીક્ષા લીધી હતી. તેનું પરિણામ સંતોષકારક જણાયું હતું. બાદ તેમના ભાષણ વિગેરેથી થયેલી અસરથી પાઠશાળા નીભાવવા માટે સારૂં ફંડ થયું હતું. શક્તિના પ્રમાણમાં ત્યાંના ગૃહસ્થોએ સારી ઉદારતા બતાવી હતી. તેનો સવિસ્તર રીપોર્ટ સ્થળસંકોચના કારણથી અહીં આપી શક્યા નથી.

**મહુવા અને પાલીતાણા**—મહુવાના વીશાશ્રીમાળીની નાતે બહુ વર્ષોથી મહુવા ખાતે રહેનારા પટણી કુટુંબો સાથે કન્યાવ્યવહાર કરવાથી પાલીતાણાના મહાજને તેની સાથે તમામ વ્યવહાર બંધ કરવાનું સાહસ ભરેલું પગલું ભર્યું છે. આખા ગામના બહોળા સમુદાય સાથે વગર વિચાર્યે પોતાની સત્તા બહાર છતાં આવું પગલું ભરવું તે તેમને શોભા આપનારૂં નથી. અમે આશા રાખીએ છીએ કે પોતામાં જૈનપણાનો દાવો રાખનારા જૈનો મૈત્રીભાવનાનો આશય સમજી યોગ્ય વિચાર કરશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ભાવનગર જૈન ડીરેક્ટરી.

(કિંમત બે આના)

આ ડીરેક્ટરી બુકમાં ભાવનગર જૈન ડીરેક્ટરી સભાએ કરેલાં કાર્યોમાં ડીરેક્ટરીનું ફોર્મ, તે ભરવાને લગતી સવિસ્તર સુચના, તે ઉપરથી કેટલા પ્રકારની તારવણીઓ કરવી તે વિગેરે ઉપયોગી હકીકતો આપવામાં આવી છે.

ત્યારબાદ ભાવનગર ખાતે શ્રાવક સમુદાયના બસ્તિપત્રકના ફારમો ભરાવ્યા ઉપરથી તારવણી કરતાં જે જે આંકડાઓ મુકરર જણાયા તે વીગત સાથે આપેલા છે.

ત્યારબાદ ઉપર જણાવેલા આંકડાઓ ઉપરથી શો શો સાર ખેંચવાનો છે તે તેમજ શો શો સાર નીકળી શકે છે તે બહુ સારી રીતે બતાવવામાં આવેલ છે કે જેથી ડીરેક્ટરીનું ઉપયોગીપણું સિદ્ધ થઇ શકે છે.

ચોથા ભાગમાં ભાવનગર જૈન સમુદાય સંબંધી તમામ જાણવા યોગ્ય હકીકતો આપેલી છે; જેની અંદર દેરાસરો, ઘરદેરાસરો, ઉપાશ્રયો, ધર્મશાળાઓ, જૈન વિદ્યાશાળા, જૈન કન્યાશાળા, જૈન બોર્ડીંગ, પુસ્તક ભંડારો તથા જૈન સભાઓ વિગેરે સંબંધી જાણવા યોગ્ય તમામ હકીકત ટુંકામાં રોશન કરી છે.

ભાવનગરના જૈનવર્ગ સંબંધી હકીકત જાણવા ઇચ્છનારને તેમજ ડીરેક્ટરીની ઉપયોગિતા સમજનારને અને પોતાના ગામ કે શેહેરની ડીરેક્ટરી કરવા ઇચ્છનારને આ બુક ખાસ જરૂરની છે. કિંમત બે આના રાખેલા છે, તે ડીરેક્ટરી તૈયાર કરવાના પ્રયાસના પ્રમાણમાં વધારે નથી.

મંગાવનારને તે બુક અમારી ઓફીસમાંથી તેમજ શ્રી આત્મારામજી જૈન પુસ્તકાલયમાંથી મળી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પાલીતાણાના બારોટ સંબંધી ફરીયાદ

સર્વે જૈનબંધુઓ પાલીતાણાના બારોટની હાલની ચાલચલગત વિષે ઘણે ભાગે જાણીતા થઇ ગયેલા છે. ગયા અશાડ માસમાં તેઓએ કરેલા ફુલડચી અને કારખાનાના નોકરોપર કરેલા સહારોથી યાત્રાળુઓના મન તેમનાપરથી વધારે ઉઠી ગયા છે, તેને પરિણામે ઘણા ગામો અને શહેરોમાં તે લોકોને બનતું ઉત્તેજન અટકાવવાની ખાતર પાલીતાણે ગામમાં તેમજ સિદ્ધાચળજી ઉપર ચોખા બદામ વિગેરે ન મુકવાના અને મૂળનાયકજી મહારાજની પહેલી પુજાનો ચડાવો ન કરવાના ઠરાવો થયા છે. ઉપરાંત એક સાધુને ચાર હરામખોરોએ મળી વગડામાં લઇ જઇ, તમામ ચળો લઇ જઇ, માર મારી, હાથ પગ બાંધી, વાડમાં નાખી દીધા કે જેનો ૨૪ કલાકે પત્તો મળ્યો. આ હકીકત બહાર આવવા ઉપરથી અને તે સાધુ પાસે તે હરામખોરો જે શબ્દો બોલેલા તે ઉપરથી જૈનવર્ગનો કંટાળો અતિશય વધી પડેલો છે. બારોટલોકો શત્રુંજય જેવા મહા પવિત્ર તીર્થ ઉપર અનેક પ્રકારની આશાતનાઓ કરે છે, ને તે કહેવા જનાર યાત્રાળુ સાથે તેમજ કારખાનાના નોકરો સાથે વઢવા ઉઠે છે. આ બધી હકીકત ધ્યાનમા રાખીને જ્યાં સુધી તેઓ પોતાની ચાલ સુધારે નહીં અને કારખાના તરફનું 'માફીપત્ર' મેળવે નહીં ત્યાં સુધી યાત્રા કરવા આવનાર યાત્રાળુઓએ કોઇ પણ રીતે એ લોકોને ઉત્તેજન કે આશ્રય મળે તેમ કરવું યોગ્ય નથી. પરમાત્માની ભકિત કરવાના ચંદન પુષ્પાદિક તથા આંગી પૂજા વગેરે અનેક પ્રકારો છે. સુજ્ઞોને ઇસારો બસ છે.

---

## બુકોની ઘટાડેલી કિંમત.

૧ શ્રી પાંચ પ્રતિક્રમણ સૂત્ર ગુજરાતી. ઘણા વધારા સાથે શીલા છાપમાં છાપેલ ઘણા મોટા અક્ષરવાળા. ૦—૮—૦
૨ શ્રી પાંચ પ્રતિક્રમણ સૂત્ર. શાસ્ત્રી સૂળ. ૦—૬—૦
(બંને બુકમાં જૈનશાળા કે ઇનામ માટે એકેક આનો ઓછો.)
૩ શ્રી બે પ્રતિક્રમણ સૂત્ર ગુજરાતી (શીલાછાપની) ૦—૨—૬
૪ શ્રી બે પ્રતિક્રમણ સૂત્ર શાસ્ત્રી. ૦—૨—૬
(આ બંને બુકના જૈનશાળા ને ઇનામ માટે બે આના.)
૫ શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ ૨ જો (સ્થંભ ૫ થી ૯) ૧-૮-૦
૬ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર પર્વ દશમું. વિભાગ ૭ મો. (શ્રી મહાવીરજિન ચરિત્ર.) ૧—૮—૦

For Private And Personal Use Only